૩/- તા. ૧૦-૭-'૭૯ના ઠરાવ ક્રમાંક : એસ. એસ. એન.-૩૪૭૫-૪૨૧૭૩-ગ અન્વયે દસથી વધારાના તાસ દીઠ તા. ૨૨-૨-'૭૯ ના ઠરાવ મુજબ રકમ ચૂકવણીની જોગવાઈ છે.

ઉપરના ઠરાવોની જોગવાઈઓ ધ્યાનમાં લેતાં અંશકાલિક શિક્ષકોને નીચે મુજબ પગાર ચૂકવવાનો રહે છે.

૧/- જે અંશકાલિક શિક્ષકો અઠવાડિયાના દસ તાસો લેતા હોય તેને તા. ૧-૧૧-'૭૭ના ઠરાવ પ્રમાણેની એકત્રિત રકમ ચૂકવવાની થાય છે.

૨/- જે અંશકાલિક શિક્ષક પાંચ થી નવ તાસ સુધી અઠવાડિયાના તાસો હોય તેવા કિસ્સાઓમાં તાસ દીઠ તા. ૨૨-૨-'૭૯ ના ઠરાવ પ્રમાણે રૂા. ૫-૬૫ ચૂકવવાના થાય છે.

૩/- જે અંશકાલિક શિક્ષક અઠવાડિયાના ૧૭ તાસો કામ કરતાં હોય તેમને નીચે મુજબ મહેનતાણું ચૂકવી શકાય :

પ્રથમ ૧૦ તાસનો એકત્રિત પગાર.................. ૨૪૫.૦૦

૧૧ થી ૧૭ - ૭ તાસ અઠવાડિયાનો

૭ × ૪ = ૨૮ × ૫.૬૫................. ૧૫૮.૨૦

કુલ ૪૦૩.૨૦

આ ઠરાવ દેસાઈ પંચની ભલામણના આધારે થયેલ હોઈ ત. ૧-૧-'૭૪ થી અમલ કરવાનો રહેશે.

(સહી) શિ. ભા. રાજગોર

ઉચ્ચ શિક્ષણ નિયામક વતી,

ગુજરાત રાજય , અમદાવાદ.

## (૭૩) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન સંયોજક તથા પ્રયોગશાળા મદદનીશ કમ પટાવાળાની જગા ઊભી કરવા બાબત.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ નં. ઇડીએસ-૯૧૭૬-૭૫૮૩૩-ગ,

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૦-૮-૧૯૭૭

વંચાણમાં લીધા, શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદના તા. ૧૩-૪-'૭૭, ૩૧-૫-'૭૭ અને ૨૨-૬-'૭૭ના પત્રો અનુક્રમ નં. શનત-સ્ટેનોઅ૬૯૯ઇ શનત-૫૫૫૦-૭૭-૭૮ અને શનત સ્ટેનો ૫૭.

ઠરાવ : રાજયમાં સરકારી તથા બિન સરકારી માધ્યમિક શાળાઓમાં જયાં ઉચ્ચતર માધ્યમિકના વિજ્ઞાન પ્રવાહના વર્ગો અમલમાં આવે છે તે નીચે દર્શાવેલ ધોરણે પ્રયોગશાળા સંયોજકો (લેબોરેટરી કો. ઓર્ડિનેટર્સ) તથા પ્રયોગશાળા મદદનીશ - કમ-પટાવાળા (લેબોરેટરી આસિસ્ટન્ટ કમ પ્યુન)ની જોગવાઈ કરવા માટે રૂા. ૩૩૦-૮-૩૭૦-ઇબી-૧૦-૪૨૦ ના પગારધોરણમાં પ્રયોગશાળા મદદનીશ-કમ-પટાવાળાની કુલ ૩૫૦ જગાઓ ઊભી કરવા આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

| વિજ્ઞાન પ્રવાહના વર્ગોની સંખ્યા | લેબોરેટરી કો-ઓર્ડિનેટરની જગાની સંખ્યા | લેબોરેટરી આસિસ્ટન્ટ-કમ પ્યૂનની જગાની સંખ્યા |
|---|---|---|
| (૧) ચાર વર્ગો | ત્રણ | બે |
| (૨) ચાર કરતાં વર્ગો | ઓછા વર્ગો હોય | પણ વિદ્યાર્થીની સંખ્યા ૧૦૦થી વધુ હોય તો |
| (૩) બે વર્ગો હોય પણ | વિદ્યાર્થી સંખ્યા ૧૦૦ કરતાં ઓછી હોય તોએક | એક |

૨. શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદે ઉપરોકત ધોરણ અનુસાર મંજૂર થયેલ જગાઓની ફાળવણી કરવા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવી અને ૧૦ + ૨, ખાસ ઘટકે તે અંગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે સંબંધિત શાળાઓને જાણ કરવી.

૩. ઉપરોકત પગારધોરણો પ્રમાણે સંબંધિત પ્રવર્તમાન નિયમો અનુસાર મળતી મોંઘવારી તથા અન્ય ભથ્થાં મેળવવાને આ જગા ધરાવનાર કર્મચારી પાત્ર રહેશે.

૪. પ્રયોગશાળા સંયોજકની જગા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત વિજ્ઞાન સ્નાતકની રહેશે.અને આ પ્રયોગશાળા મદદનીશ-કમ-પટાવાળાની જગા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત પ્રવર્તમાન નિયમ મુજબ ઉપરાંત પ્રયોગશાળામાં કામ કર્યાનો અનુભવ જરૂરી રહેશે.

૫. આ અંગેનો ખર્ચ અંદાજપત્રકના સદર ૨૭૭ શિક્ષણ હેઠળ કરેલ અને મંજૂર થયેલ જોગવાઈમાંથી મેળવવાના રહેશે.

૬. આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગે તા. ૧૮-૮-'૭૭ ના રોજ આપેલ સંમતિ થી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી) વી. આર. રાણા,
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

## (૭૪) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન સંયોજકો તથા પ્રયોગશાળા મદદનીશ-કમ પટાવાળાઓની જગ્યા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ક્રમાંક : ઈડીએસ-૯૧૭૬-૮૪૪૨-ગ
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૮-૪-'૭૮

**વંચાણમાં લીધા :**

(૧) શિક્ષણ વિભાગનો સરકારી ઠરાવ નં. ઈડીએસ-૯૧૭૬-૭૫૮૩૩-ગ, તા. ૨૦-૮-'૭૭ અને પરિપત્ર નં. ઈડીએસ ૯૧૭૬-૭૫૮૩૩ ગ. તા. ૨-૧૧-'૭૭.

(૨) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો પત્ર ક્રમાંક : શનત-લેબો-પ્રમ-૭૭-૭૮ ૨૦૬૧૪, તા. ૩-૧૦-'૭૭

સુધારો : ઉપર દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. ૨૦-૮-'૭૭ના ઠરાવ ક્રમાંક ઈડીએસ-૯૧૭૬-૭૫૮૩૩-ગ ના ફકરા નં. ૧ હેઠળ દર્શાવેલ કોઠામાં લેબોરેટરી કો. ઓર્ડિનેટર તથા લેબોરેટરી આસિસ્ટન્ટ કમ-પ્યૂનની જગ્યાઓ ઊભી કરવાનુ ધોરણ (નોર્મલ) ઉપરોક્ત ક્રમાંક ૧ સામે દર્શાવેલા હુકમોને આધીન રહે તે રીતે હવેથી નીચે દર્શાવ્યા મુજબ સુધારવાનું સરકારશ્રી ઠરાવે છે.

| ક્રમાંક | વિજ્ઞાન પ્રવાહના વર્ગોની સંખ્યા (ધોરણ-૧૧-૧૨ ના કુલ વર્ગો) | લેબોરેટરી કો-ઓર્ડિનેટરની સંખ્યા | લેબોરેટરી આસિસ્ટન્ટ કમ-પ્યૂનની જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દસ અને તેથી વધુ વર્ગો | છ | ચાર |
| ૨ | નવ વર્ગો પાંચ | ચાર | |
| ૩ | આઠ વર્ગો | પાંચ | ત્રણ |
| ૪ | સાત વર્ગો | ચાર | ત્રણ |
| ૫ | છ વર્ગો ચાર | ત્રણ | |
| ૬ | પાંચ-વર્ગો | ત્રણ | બે |
| ૭ | ચાર વર્ગો | ત્રણ | બે |
| ૮ | ચાર કરતાં ઓછા હોય પણ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦ થી વધુ હોય તો | બે | એક |
| ૯ | બે વર્ગો હોય પણ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦ કરતાં ઓછી હોય તો | એક | એક |

૨/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપરના તા. ૩-૪-'૭૮ના રોજ નાણાં સલાહકારશ્રીએ આપેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

(સહી)વી. આર. રાણા
સેક્શન અધિકારી